## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હા, યોગા કરવાથી બીઝનેસ સારો ચાલે છે અને તે પૈસા થી હુ સારામાં સારી એલોપેથઈ ટીટમેન્ટ કરાવીને ફીટ રહી શક્યો છું...!!!

# કાયરોપ્રેકટર સારવાર કેમ્પના પ્રથમ દિવસે ૮૫૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં સૌપ્રથમવાર ગાંધીનગર ખાતે સેક્ટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતેની સી.એમ.પટેલ ફિઝિયોથેરાપી કોલેજમાં અમેરિકાથી આવેલાં ૧૨ જેટલાં કાયરોપ્રેક્ટિશનર્સ દ્વારા ત્રિ-દિવસીય નિઃશુલ્ક કાયરોપ્રેકટર સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા મોટી સંખ્યામાં શહેરના નાગરિકો ઉમટ્યાં હતા.

કેમ્પમાં પ્રથમ દિવસે જ આશરે ૮૫૦ જેટલાં લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં હાડકાં, નસ, સાંધા અને સ્નાયુઓને લગતી તકલીફોના કારણે થતા દુઃખાવા, ગરદનનો દુખાવો, કમરની તકલીફ, માથાનો દુખાવો, માઈગ્રેન, સાંધાની ઈજાઓ, સ્નાયુપેશીઓની ઈજાઓ વગેરેના નિદાન અને સારવારની વિના મૂલ્યે કાયરોપ્રેક્ટિક થેરાપીથી સેવા આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે આ કેમ્પ હજુ તા. ૨૨ જૂન સુધી ચાલુ રહેશે જેનો લાભ કોઈપણ નાગરિકો લઈ શકશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં એક જ શાખાના ત્રણ વર્ષથી વધુ ફરજ બજાવતા કર્મચારીઓની સામુહિક બદલીની વાતને લઈ કર્મચારીઓમાં તર્ક-વિતર્ક છેલ્લા એક સપ્તાહથી ચાલી રહ્યા છે. એકાદ બે દિવસમાં આ બદલીઓ કરાશે.

● આજે શિક્ષણ વિભાગની યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં ટેલિકાસ્ટ નબળુ હોવાનો ગણગણાટ અધિકારીઓમાં થતો જોવા મળ્યો હતો.

● જિલા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. મુકેશ પટેલની બઢતી સાથે બદલી થતાં રોગચાળા નિયંત્રણ અધિકારીનો ચાર્જ ડૉ. ધર્મેશ પરીખને આપવામાં આવ્યો છે.

● વન રક્ષક વર્ગ-૩ની સીધી ભરતીની શારીરિક કસોટી ૨૮ અને ૨૯ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

● જિલ્લા પશુપાલનતંત્ર દ્વારા ચોમાસાની ઋતુને લઈ ઘાસચારા માટે ૭૫૦ જેટલી મીની કીટનું વિતરણ કરાશે.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વિશ્વ યોગ દિનની ઉજવણી સવારે ૭.૩૦ વાગ્યે ભૈરવનાથ પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવશે.

## છાલા સેવા સહકારી મંડળીની વ્યવ સ્થાપક કમિટીની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

છાલા ગામમાં સેવા સહકારી મંડળીની ૧૯મી જૂને વ્યવસ્થાપન કમિટીની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૧ બેઠકો માટે ૨૪ ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. સવારે ૮ કલાકથી બપોરે ૧૨ કલાક સુધી મતદાન યોજાયુ હતુ. ચૂંટણી માટે ૨૮ જેટલા ફોર્મ ભરાયા હતા. જેમાંથી ચાર ફોર્મ પરત ખેંચાયા હતા. ત્યારબાદ ૨૪ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને ધિરાણ અને અન્ય ખાતર-જંતુનાશક દવાની સુવિધામાં કૃષિ વિષયક સેવા સહકારી મંડળીઓ ચાલતી હોય છે. છાલા ગામમાં સેવા સહકારી મંડળીની ચૂંટણી રવિવારે વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં ૧૧ બેઠકોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં મોટા ખેડૂતોની ત્રણ બેઠક, નાના ખેડૂતોની ત્રણ બેઠક, મોટા ખેડૂતોની સ્ત્રી અનામતની એક બેઠક, નાના ખેડૂતની સ્ત્રી અનામતની એક બેઠક, સીમાંત ખેડૂતની એક બેઠક, અનુસૂચિત જાતિની એક બેઠક અને ઉભડ (જમીન વિહોણા)ની એક બેઠકનો સમાવેશ થાય છે. જેમાં વિજેતા ઉમેદવારોમાં બબુબેન ભીખાભાઈ દેસાઈ, મણીબેન હરીભાઈ પટેલ, અમરતભાઈ છબાભાઈ પટેલ, જીતુભાઈ પુંજાભાઈ પટેલ, મંગુબેન બાબુભાઈ પટેલ, સુરેશભાઈ બાબુભાઈ પટેલ, કિરણભાઈ ગેબાભાઈ પટેલ, જશુભાઈ ગેમરભાઈ પટેલ, રમેશભાઈ છબાભાઈ પટેલ, રમેશભાઈ મુળજીભાઈ પટેલ, મહેશભાઈ નાથુભાઈ મેસરિયા (અનુસૂચિત જાતિ) વગેરે કુલ ૧૧ સભ્યો વિજેતા બન્યા હતા.

## છાવણી ખાતે દિવ્યાંગો પડતર પ્રશ્નો મુદ્દે એકઠા થયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે દિવ્યાંગ અધિકાર મંચના નેજા હેઠળ મોટીસંખ્યામાં દિવ્યાંગ ભાઈઓ એકઠા થયા હતા. રાજયના દિવ્યાંગના પ્રશ્નો અને અધિકારોની માંગણીઓને ન્યાય આપવા અને અમલવારી કરવા માટે રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

રાજયમાં અંદાજીત ૧૧ લાખથી વધુ દિવ્યાંગો વસવાટ કરે છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં દિવ્યાંગોની હાલત કફોડી બની છે. ત્યારે દિવ્યાંગોની માંગણીઓમાં દિવ્યાંગોને રૂ.૫ હજાર પેન્શન મળવુ જોઈએ, જે ઘરમાં દિવ્યાંગ હોય તેને ૦ થી ૧૬ બીપીએલની યાદીમાં સામેલ કરવું, રાજયમાં દિવ્યાંગ વિકાસ નિગમની રચના કરવી, સીધા ધિરાણની લોન ઉપલબ્ધ કરાવવી, નિગમની લોનમાં જામીન કે ગીરોખત નાબુદ કરવું, રાજયમાં ચુસ્તપણે દિવ્યાંગ ધારાનો અમલ કરવો, પંચાયત થી પાર્લામેન્ટ સુધી ૪ ટકા અનામત ધોરણે પ્રતિનિધિત્વની જોગવાઈ કરવી, રોજગાર ભરતી મેળા દ્વારા રોજગાર ઉપલબ્ધ કરાવવા, દિવ્યાંગ માટે કોમ્પ્યુટર ઓપરેટર, કલાર્ક પોસ્ટ પર દિવ્યાંગની ભરતી કરવી જોઈએ સહિતનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી દિવ્યાંગોની માંગણીઓ પડતર છે પરંતુ આજદિન સુધી સરકારના કાને દિવ્યાંગોની રજુઆત સંભળાતી નથી. ત્યારે પડતર માંગણીઓ મુદ્દે દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

## કોલવડા ગામમાંથી ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર કોલવડા ગામે લાલઘર માતાજીના મંદિરની બાજુમાં આવેલા મકાનની બહાર ખુલ્લી ઓસરીમાં ગોળ કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા ૬ જુગારીઓને એલસીબી-૨ પોલીસે રૂ.૧ લાખથી વધુની મત્તા સાથે દબોચી લીધા છે. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી જુગારીઓ સામે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો જુગારીઓની હીલચાલ અને તેમના પર વોચ રાખી માહિતી એકઠી કરવાની કામગીરીમાં કાર્યરત હતા. જયારે ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સયમે ટાટા ચોકડી પાસે આવતા હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહને બાતમી મળી હતી કે કોલવડા ગામે લાલઘર માતાજી મંદિરની બાજુમાં રહેતા પિન્ટુભાઈ ગોવિંદભાઈ પટેલ પોતાના મકાનની બહાર આવેલી ખુલ્લી ઓસરીમાં બહારથી જુગારીઓ બોલાવી જુગાર રમાડે છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા કેટલાક જુગારીઓ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા હતા. પોલીસે ૬ શકુનીઓને જુગાર રમતા પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી, દાવ પરથી રૂ.૭૧,૯૦૦ તેમજ મોબાઈલ નંગ-૩ કિં.૩૦ હજાર મળી કુલ રૂ.૧,૦૧,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

### પકડાયેલા જુગારીઓના નામ

- પિન્ટુ ગોવિંદભાઈ પટેલ, રહે- લાલઘર માતાના મંદિર બાજુમાં કોલવડા
- પ્રશાંત રમેશભાઈ પટેલ રહે-ભીમનાથ મહાદેવ વાસ પટેલ ભાગોળ કોલવડા
- આશિષ અંબાલાલ પટેલ રહે- લાલઘર માતાના મંદિર સામે કોલવડા
- પ્રકાશ રતિલાલ પટેલ રહે- પટેલ રામજી મંદિરની સામે કોલવડા
- ગૌતમ કનુભાઈ પટેલ રહે- જુના માઢની બાજુમાં કોલવડા
- પિનાકીન રસિકભાઈ પટેલ રહે- લાલઘર માતાના મંદિર સામે કોલવડા

## પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર સાદરા ખાતે ઉત્તર ગુજરાત સર્વોદય મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર સાદરાના પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર-સાદરામાં ઉત્તર ગુજરાત સર્વોદય મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં બેઠકની શરૂઆતમાં સર્વોદય કાર્યકરો ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ડૉ. મિહિરભાઈ જોષી, ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા, ડાહ્યાભાઈ વૈદ્ય, કૌશિકભાઈ, સુરેશભાઈ, સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરાયુ હતુ. મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવેની કલ્પનાનું ગામડું અને ગ્રામસ્વરાજ માટે કાર્યકર્તા નિર્માણ કરશો તોજ માનવ નિર્માણનું કાર્ય થશે તોજ સમાજ-રાજ્ય-રાષ્ટ્ર નિર્માણ થશે, સુશાસન ચાલશે જેવા વિચારોનું આદાન પ્રદાન સાથેની સર્વોદય બેઠક થઈ હતી. પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર-સાદરાના આચાર્ય તેજસકુમાર ઠાકરના માર્ગદર્શન મુજબ સર્વોદય મંડળ બેઠકમાં ૫૦ સર્વોદય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ સંગઠનમાં વધુ સંખ્યાની જરૂર નથી પણ સંગઠન લચીલુ સંગઠન બને તે જરૂરી છે. સદ્વિચારો, ગ્રામસ્વરાજ વિચારોને જીવંત રાખવા અને સર્વોદય કાર્યકરોનું જીવન સદાય માટે ચાર્જમય કરંટવાળુ બની રહેવુ જોઈએ અને સમાજ સેવા, ગ્રામસેવા નવચેતનાનો શંખનાદ ફૂંકવાવાળુ હોવું જોઈએ જેવા પાયાના વિચારો સાથે જેવા કે "તમે જાતેજ એ પરિવર્તન બનો જે તમે દુનિયામાં જોવા માંગો છો" ના વાર્તાલાપ સાથે સર્વોદય મંડળની બેઠક પુરી થઈ હતી.

## પાનસર ચોકડી પાસેથી રીઢો વાહનચોરને એલસીબી પોલીસે ઝડપી પાડયો

### કલોલ શહેરી વિસ્તારના ત્રણ વાહનચોરીના ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કલોલ શહેરી વિસ્તારમાં વાહનચોરીમાં તરખાટ મચાવનાર રીઢા વાહનચોરને પાનસર ચોકડી પાસેથી એલસીબી પોલીસે દબોચી લીધો છે. જયારે આરોપીને પકડી પુછપરછ કરતા ત્રણ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ. પી. ઝાલાની ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ રતનસિંહ અને કોન્સ્ટેબલ સુરપાલસિંહને સંયુકત બાતમી મળી હતી કે અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલ આરોપી સિધ્ધરાજજી ઉર્ફે ગુડ્ડુ સુંડાજી ઠાકોર (રહે. ઉણ, તા.કાંકરેજ) પાનસર ચોકડી પાસે શંકાસ્પદ હાલતમાં ઉભો છે. એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી શખ્સ સિધ્ધરાજજી સુંડાજી ઠાકોર ને પકડી પાડ્યો હતો. શખ્સની હાજરી શંકાસ્પદ લાગતા તેની ઉડાણપૂર્વક તપાસ કરતા ત્રણ વાહનચોરીના ગુનાની કબુલાત કરી છે. જેમાં આજથી પોણા બે માસ પહેલા કલોલ સીટી મોલ-૧ ના પાર્કિંગમાંથી હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૧૫૮૪ ચોરી કર્યું હતું. જયારે આ ચોરીના બાઈક સાથે તેને રાધનપુર પોલીસે પકડી પાડતા તે બાઈક જમા લઈ લીધુ હતું. બાઈક ચોરી અંગે કલોલમાં ગુનો નોધાયો છે. એકાદ માસ પહેલા બપોરના સમયે કલોલ ત્રણ આંગળી સર્કલ પાસે વિનાયક ઓર્થોપેડીક હોસ્પિટલની નીચેથી સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ઉઠાંતરી કરી હતી. જે બાઈક નં. જી.જ.૧૮.ડી.સી.-૨૧૨૨ તેના મિત્ર (વોન્ટેડ) નરેશ રામાભાઈ ઠાકોર (ઠાકોર વાસ ગામ શિનાર તા રાધનપુર જી બનાસકાંઠા) ને આપ્યુંછે. જયારે ત્રણ માસ પહેલા કલોલ ટાવર ચોક પાસે દરગાહની બાજુમાં લાલ કલરનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૨.સી.એફ-૪૪૩૩ ચોરી કરી હતી. તે બાઈક થરા ખાતે મિત્રને ફેરવવા માટે આપ્યું હતું. જે બાઈક ચાણસ્મા પોલીસે કબ્જે કર્યું હોવાની હકીકત કહી હતી. જેથી પોલીસે સિદ્ધરાજજી ઠાકોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પૂર્વ સાસરીયાઓએ ઘરે જઈને પ્રેમી યુગલને માર માર્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક અડાલજ ખાતે રહેતી મહિલાના પતિનું આઠ માસ અગાઉ અવસાન થયું હતું. ત્યારબાદ વિધવાએ વેપારી સાથે લગ્ન કરી નવો ઘર સંસાર શરુ કર્યો હતો. ત્યારે પૂર્વ પતિના પરિવારજનોએ ગતરોજ રાત્રીના સમયે ઘરે જઈને હોબાળો મચાવી દંપતિને ગડદા પાટુનો માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના વેપારી સાથે મહિલાએ ગત તા.૨ જુનના રોજ લગ્ન કર્યા છે. વેપારીએ મહિલાના ૧૧ વર્ષના દિકરાને પણ અપનાવી લીધો છે. પ્રેમલગ્ન બાદ બંને અડાલજ વિસ્તારમાં રહેતા હતા. ગતરોજ રાત્રીના સમયે વેપારી પુત્ર સાથે વીડીયોગેમ રમી રહ્યો હતો. રાત્રીના સમયે મહિલાના પૂર્વ પતિના પરિવારજનો અચાનક ઘરે આવી ગયા હતા. જેથી પુત્ર બહાર ઉભા રહેલા વ્યકિતઓને ઓળખી જતા તે બહાર ગયો હતો. ત્યારે ઘરે આવી ગયેલા વ્યકિતઓએ દિકરાની પુછપરછ કરી હતી કે ઘરમાં જે વ્યકિત છે તે કોણ છે. તેથી દિકરાએ કહ્યું કે તે મારા પપ્પા છે. તે સમયે વેપારી પણ ઘરની બહાર નીકળીને પોતાની ઓળખ આપી હતી અને લગ્નનું સર્ટીફિકેટ પણ બતાવ્યું હતું. તેમ છતા વેપારીને માર મારવાનું શરુ કર્યું હતું. હોબાળો થતા મહિલા પણ દોડી આવી હતી. તેણે પોતાના પૂર્વ સાસરી પક્ષના સભ્યોને ઓળખી જતા વેપારી પતિને છોડાવવા માટે મથામણ કરી રહી હતી.જેથી પૂર્વ સાસરી પક્ષના વ્યકિતઓએ તેને પણ ગડદાપાટુનો માર મારી લાકડી લઈને ફરી વળ્યા હતા. ત્યારબાદ મહિલાએ પોલીસ બોલાવતા વેપારીએ પૂર્વ સાસરી પક્ષના સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

સેક્ટર-૨૬ના ગિરીશ કે.ગઢવીએ અત્યારે વડોદરા ખાતે ચાલી રહેલી પ્રથમ રાષ્ટ્રીય ઓપન માસ્ટર એથ્લેટીક ચેમ્પિયનશિપના ૫૦-૫૪ વર્ષના વય ગૃપમાં જલદ ચાલ રમતમાં ભાગ લઈ બીજા ક્રમે આવી ગુજરાતને સિલ્વર મેડલ અપાવ્યો છે. તેમની આ સિદ્ધિ મેળવી છે. તેમની આ સિદ્ધ માટે તેમના મિત્રો-સ્નેહીજનોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

રાંધેજાની એક સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે. ગટરનું પાણી રસ્તા પર વહેતા સોસાયટીના વસાહતીઓ પરેશાન થઈ ગયા છે. સરકારી પ્રાથમિક શાળાની પાછળ આવેલી આ સોસાયટીની ગટર ઉભરાવવાની સમસ્યા અંગે અહીંના રહેવાસીઓએ અનેકવાર રજૂઆતો કરી છે પરંતુ કોઈ ઉકેલ આવતો નથી. ઓનલાઈન ફરીયાદ બાદ પણ આ સમસ્યા ઉકેલાઈ નથી.

## સાયન્સ સિટીના નેચર પાર્ક ખાતે યોગ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૦

વિશ્વ યોગ દિવસની ૮મી આવૃત્તિની તા.૨૧મી જુનના રોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે "માનવતા માટે યોગ" થીમ સાથે ઉજવવામાં આવશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી ખાતે યોગના મહત્વને પ્રાધાન્ય આપવાના હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે નેચર પાર્કમાં સવારે ૭ થી ૯ દરમિયાન યોગ દિવસની ઉજવણી કરાશે જેમાં યોગ અને તેના ફાયદા વિશે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ શાળાના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે. આ ઉપરાંત સાયન્સ સિટીના અધિકારીઓ અને સભ્યો પણ જોડાશે.

કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓ સૂર્ય નમસ્કાર કરશે પછી વિવિધ પ્રાણાયામ (અનુલોમ-વિલોમ, નાડી શોધ, વગેરે) અને યોગાસન (ચક્રાસન, ભુજંગાસન, વગેરે)નું નિદર્શન કરાશે. યોગ રોગ નિવારણ, આરોગ્ય પ્રોત્સાહન અને જીવનશૈલીના ઘણા વિકારોના સંચાલન માટે જાણીતું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ગજ્જર હિંમતલાલ ભવાનભાઈ, ઉ.વ. ૮૫, ખોખરા, અમદાવાદ
- સ્વ. પટેલ હિરાબેન હરગોવિંદભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨૨
- સ્વ. વણઝારા અરવિંદ રણજીતભાઈ, ઉ.વ. ૦૫, પુન્દ્રાસણ
- સ્વ. જોષી ભગવતીબેન નટવરલાલ, ઉ.વ. ૮૪, સેકટર-૨

## જન્મદિને વધામણી

નટુભાઈ કાળીદાસ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬

પંકજ બી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫

યૈભવી જિજ્ઞેશગિરિ ગોસ્વામી

યજ્ઞકુમાર મનોજકુમાર જોષી

રીટાબા સોલંકી

પ્રજાપતિ સ્પર્શ ઉમંગભાઈ